1. બે અક્ષાંશવૃત્તો વચ્ચે કેટલા કિમીનું અંતર હોય છે ?

- બે અક્ષાંશવૃત્તો વચ્ચે 111 કિમીનું અંતર હોય છે.

2. સૌથી મોટું અક્ષાંશવૃત્ત કયું છે?

- વિષુવવૃત્ત સૌથી મોટું અક્ષાંશવૃત્ત છે..

3. નકશા અંગેના વિજ્ઞાનને અંગ્રેજીમાં કયા નામે ઓળખવામાં આવે છે?

- નકશા અંગેના વિજ્ઞાનને અંગ્રેજીમાં 'કાર્ટોગ્રાફી' (Cartography) નામે ઓળખવામાં આવે છે.

4.મોબાઇલ મૅપિંગ એટલે શું?

- મોબાઈલ વાહન ઉપર ગોઠવેલાં નકશા-નિમણનાં સ્વયંસંચાલિત એવાં હાઇટેક ઉપકરણો થકી ભૂ-ક્ષેત્રિય માહિતી એકઠી કરવાની, માહિતી સંગ્રહ કરવાની, માહિતી પ્રસારિત કરવાની તથા માહિતીને આધારે નકશો તૈયાર કરવાની સમગ્ર પ્રક્રિયાને 'મોબાઇલ મેપિંગ' (Mobile mapping) કહે છે.

5. ઉપગ્રહ છબી કોને કહેવામાં આવે છે?

- ઉપગ્રહો દ્વારા પૃથ્વીની સપાટીના જે ફોટો લેવામાં આવે છે, તેને ઉપગ્રહ છબી (Satellite imagery) કહેવામાં આવે છે.

6. ઍરિયલ ફોટોગ્રાફ એટલે શું?

- બલુન કે વિમાનમાં ગોઠવેલા કેમેરા દ્વારા પૃથ્વીની સપાટીના ફોટા પાડવામાં આવે છે, તેને ઍરિયલ ફોટોગ્રાફ્સ (Ariel photos) કહે છે.

7. દૂર - સંવેદન ઉપગ્રહો કઈ કઈ ભ્રમણકક્ષા ધરાવે છે?

- દુર સંવેદન ઉપગ્રહો બે પ્રકારની ભ્રમણ કક્ષા ધરાવે છે :
  (1) ભૂ-સ્થિર (Geo-stationary) ભ્રમણ કક્ષા અને (2) ઉપ-ભૂ (Near earth) ભ્રમણ કક્ષા.

8. જો ગ્રિનિચ રેખાંશ ઉપર બપોરના 12 વાગ્યા હોય, તો 15° પૂર્વ રેખાંશ પર કેટલા વાગ્યા હશે ?

- જો ગ્રિનિચ રેખાંશ ઉપર બપોરના 12 વાગ્યા હોય, તો 15° પૂર્વ રેખાંશ પર બપોરનો એક વાગ્યો હશે.

9. નકશાની ચોકસાઈ ધરાવતા નકશા કયા નામે ઓળખાય છે?

- નકશાની ચોકસાઈ ધરાવતા નકશા 'સેટેલાઇટ નકશા' (Satellite map) તરીકે ઓળખાય છે.

10. વિશ્વમાં સૌથી મોટી ઇલેક્ટ્રોનિક પ્રણાલી કઈ છે?

- વિશ્વમાં ઇન્ટરનેટ સૌથી મોટી ઇલેક્ટ્રોનિક પ્રણાલી છે.

11. દૂર-સંવેદન ક્ષેત્રે ભારતની કઈ ઉપગ્રહ શ્રેણી કાર્યરત છે?

- દૂર-સંવેદન ક્ષેત્રે ભારતની IRS (Indian Remote Sensing) ઉપગ્રહ શ્રેણી કાર્યરત છે.

12. GPS પ્રણાલીમાં પૃથ્વી ફરતે કુલ કેટલા ઉપગ્રહ કાર્યશીલ છે?

- GPS પ્રણાલીમાં પૃથ્વી ફરતે કુલ 24 ઉપગ્રહ કાર્યશીલ છે.

13. અમદાવાદમાં મ્યુઝીનું સમય અને સ્થળ પર કઈ તકનિકી પ્રણાલીથી થાય છે?

- અમદાવાદમાં મ્યુઝીનું સમય અને સ્થળ પરત્વેનું સંચાલન GPS (ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ) તકનિકી પ્રણાલીથી થાય છે.

14. GIS કાર્યપ્રણાલીના બે વિભાગ કયા કયા છે ?

- કાર્યપ્રણાલીના બે વિભાગ છે : (1) વેક્ટર (Vector) અને (2) રાસ્ટર (Raster).

15. દૂર-સંવેદન પદ્ધતિ (RST) એટલે શું?

- કોઈ પણ પદાર્થ કે ઘટના સાથે સીધા ભૌતિક સંપર્કમાં આવ્યા સિવાય દૂરથી કોઈ ઉપકરણની મદદ વડે તે પદાર્થ કે ઘટનાના ગુણધર્મોની માહિતી મેળવવાની પદ્ધતિને દૂર-સંવેદન પદ્ધતિ (Remote Sensing Technique - RST) કહેવામાં આવે

16.180° રેખાંશવૃત્તને કયા નામે ઓળખવામાં આવે છે?

- 180° રેખાંશવૃત્તને આંતરરાષ્ટ્રીય દિનાંતર રેખા (International Date Line) તરીકે ઓળખવામાં આવે છે.

17.ગ્રિનિશ સમય કરતાં ભારતનો સમય કેટલો આગળ છે ?

- ગ્રિનિશ સમય કરતાં ભારતનો સમય 5 કલાક 30 મિનિટ આગળ

18.ભારતનો પ્રમાણસમય કયા રેખાંશવૃત્ત પરથી નક્કી થાય છે?

- ભારતનો પ્રમાણસમય '8230' પૂર્વ રેખાંશવૃત્ત પરથી નક્કી થાય છે.

19.સૌથી વધુ સમયપટ્ટા કયો દેશ ધરાવે છે?

- સૌથી વધુ સમયપટ્ટા અગિયાર (11) રશિયા ધરાવે છે.

20.કઈ પ્રણાલીમાં ક્ષત્રિય માહિતીના આંકડાઓનો સંગ્રહ કરવામાં આવે છે?

- જિયોગ્રાફી ઈન્ફર્મેશન સિસ્ટમ(GIS)માં ક્ષત્રિય માહિતીના આંકડાઓનો સંગ્રહ કરવામાં આવે છે.